## આજે બેઠા ગરબા અને ગરબા શણગાર સ્પર્ધા યોજાશે

### @ગાંધીનગર

● ગાંધીનગર શહેર/જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બપોરના ૨ કલાકે સે-૨૨, કોંગ્રેસ કાર્યાલય ખાતે કારોબારી બેઠક યોજાશે.

● ગાંધીનગરના એનઆઈડી કેમ્પસ ખાતે મહેશ સાતારામ દ્વારા સર્જિત 'ધ આફ્રિકન પ્રોટ્રેટસ' વિષયે ચિત્રોનું પ્રદર્શન સાંજે ૪ કલાકે ખુલ્લુ મુકાશે.

## આજે બેઠા ગરબા અને ગરબા શણગાર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

જયોતિ મહિલા મંડળ દ્વારા તા. ૧૩મી ઓકટોબરે સેકટર-૨૩માં અરવિંદ કેન્દ્ર ખાતે બપોરે ૧.૩૦ કલાકે 'બેઠા ગરબા સ્પર્ધા' અને 'ગરબા શણગાર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ઉત્સાહથી મોટી સંખ્યામાં ભાગ લેવા નગરની તમામ મહિલાઓને ડૉ. ચેતના બુચ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સે-૫-બીમાં દબદબાપૂર્વક નવરાત્રિ મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૫ વસાહત મંડળ તથા નવરાત્રિ મહોત્સવ સમિતિ સેકટર-૫-બી દ્વારા સંયુકત સહયોગથી મહાકાળી મંદિર નવરાત્રિ ચોકમાં નવરાત્રિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નવદુર્ગાની નવરાત્રીના નવ દિવસ સુધી વસાહતીઓએ ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. આ ગરબાનું આયોજન નવરાત્રિ સમિતિના પ્રમુખશ્રી પેમલસિંહ ગોલ, ઉપપ્રમુખશ્રી ઘનશ્યામસિંહ વાઘેલા, રમેશભાઈ રાવળ, પ્રદિપસિંહ વાઢેર, શીતલ છાયા, ભાવિન બારોટ, જયમીન બ્રહ્મભટ્ટની યુવા ટીમે સમગ્ર આયોજન અને વ્યવસ્થા સંભાળી રાત દિવસ મહેનત કરી નવરાત્રિ મહોત્સવને સફળ બનાવ્યો હતો.

આ નવરાત્રી દરમિયાન નામાંકિત મહાનુભાવો સર્વશ્રી ગુડાના ચેરમેનશ્રી આશિષ દવે, ડેપ્યુટી મેયરશ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, વિરોધ પક્ષના મહાનગરપાલિકાના શૈલેન્દ્રસિંહ બિહોલા, વોર્ડ નં. ૭ના તમામ કોર્પોરેટરશ્રીઓ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખશ્રી કેશરીસિંહ બિહોલા, વોર્ડ નં. ૬ના કોર્પોરેટરશ્રી નરેશભાઈ પરમાર, અગ્રણી ઉદ્યોગપતિ અંબુજી ગોલે શુભેચ્છા મુલાકાત લઈ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ તમામ મહાનુભાવોને શાલ ઓઢાડી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

નવરાત્રિ મહોત્સવ કોઈ પણ જાતની મુશ્કેલી વિના સંપન્ન થતા મહોત્સવ સમિતિના પ્રમુખ પેમલસિંહ ગોલ, વડીલશ્રી બચુભાઈ પટેલ અને યુવા ટીમનું ખોડિયાર મંદિરના મુખ્ય ટ્રસ્ટીશ્રી સાગરદાન ગઢવી દ્વારા જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. વસાહત મંડળના મંત્રીશ્રી બાબુભાઈ દેસાઈએ સફળ સંચાલન કર્યું હતું.

# ગાંધીનગર કોર્ટની સામે બે ગલ્લાઓનાં તાળા તુટ્યા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરનાં સે-૧૧ ખાતે આવેલી કલેક્ટર કચેરી અને કોર્ટ વચ્ચે સ્થિત ખાલી જગ્યામાં ઉભા રહેતા લારી – ગલ્લાઓ પૈકી બે ગલ્લાઓને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યા હતા. બે દિવસની રજાઓમાં એક પાન-મસાલાનાં ગલ્લાનો નકુચો તોડી બે હજારનો સામાન તથા બાજુમાં ઉભો રાખેલો દાબેલી-વડાપાઉનો ગલ્લો તોડી તેમાથી ચોરીનો પ્રયાસ કરી તસ્કરો ફરાર થઇ ગયા હતા. જો કે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. નોંધનીય બાબત છે કે તાજેતરમાં જ શહેરના વિવિધ વિસ્તારોમાંથી લારી-ગલ્લાઓનાં તાળા તુટ્યાનાં સંખ્યાબંધ બનાવો બનવા પામ્યા છે.

મળતી માહિતી મુજબ શહેરમાં કોર્ટ અને કલેક્ટર કચેરીની વચ્ચે પબ્લીક પાર્ક'ગ બની રહ્યુ છે. આ

### પાન-મસાલાનાં ગલ્લામાંથી બે હજારનો સામાન ચોરાયો : એક નાસ્તાનાં ગલ્લામાં ચોરીનો પ્રયાસ

પાર્ક'ગ પ્લેસની બાજુમાં ઉભી રહેતી ખાણી-પાણી તથા ચા-નાસ્તાની લારીઓ તથા ગલ્લાઓ પૈકી બે ગલ્લાઓનાં તાળા બે દિવસની રજાઓ દરમ્યાન તુટ્યા છે. તે પૈકીનો એક પાન મસાલાનો ગલ્લો અને બીજો દાબેલી-વડાપાઉનો ગલ્લો છે. તે પાન-મસાલાનાં ગલ્લાનાં માલિકનું એકાદ મહિના પહેલા જ અવસાન થયુ હતુ. એક સપ્તાહ પહેલા આ ગલ્લાને મૃતકનાં ભાણીયાએ ખોલ્યો અને બીડી-સિગારેટ સહિતનો માલસામાન ભર્યો હતો. બે દિવસ રજાઓ આવી અને આજે સવારે તે ગલ્લો ખોલવા ગયો ત્યારે જોયુ તો ગલ્લાનો નકુચો તુટેલો હતો. ગલ્લામાંથી તસ્કરો આશરે રુ.૨ હજારનો માલસામાન ચોરી કરી ગયા હતા. આ ગલ્લા સિવાય તેની બાજુમાં એક દાબેલી-વડાપાઉનાં ગલ્લાનુ પણ તાળુ તુટેલુ જોવા મળ્યુ હતુ. જો કે આ ગલ્લાના દરવાજાનો એક જ નકુચો તુટ્યો હતો. બીજો નકુચો તુટ્યો ન હતો. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. આ બંને ગલ્લાઓના તાળા તુટ્યા છે તે ઉપરાંત પબ્લીક પાર્ક'ગ બનાવતા કોન્ટ્રાક્ટરની એક લોખંડની કોંસની ચોરી પણ થવા પામી હોવાનું જાણવા મળ્યુ છે.

## દિકરીને પરેશાન કરનાર સામે એક્શન ન લેવાતા પિતાની આજે સચિવાલયમાં આત્મવિલોપનની ચિમકી

ગાંધીનગર, તા.૧૨

મોરબી ખાતે રહેતા ગૌતમભાઈ અંબાલીયા આવતી કાલે ૧૩ ઓક્ટોબર ગુરુવારે સચિવાલયનાં ગેટ પાસે આવીને આત્મવિલોપન કરશે તેવી જાહેરાત કરતા ગાંધીનગર પોલીસે સચિવાલય ફરતે વોચ ગોઠવી દીધી છે. ગૌતમભાઈની દિકરી હેતલ ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને ત્યા નોકરીમાં બહુજન સમાજ પાર્ટીનો એક આગેવાન એન.જી.ચૌહાણ તેણીને પરેશાન કરે છે. આ મામલે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે પરંતુ પોલીસ દ્વારા કોઈ એક્શન લેવાતા નથી તેવુ હેતલે જણાવ્યુ છે. આરોપી સામે કોઈ એક્શન ન લેવાતા આખરે દિકરીનાં પિતા ગૌતમભાઈએ આત્મવિલોપન કરવાની ચિમકી આપી છે. આવતી કાલે ગુરુવારે સવારે સચિવાલય બહાર આવીને આત્મવિલોપન કરી લેવાની ચિમકી આપતા શહેર પોલીસ વોચમાં ગોઠવાઈ ગઈ છે.



ગાંધીનગરની ઈન્ફોસિટી ખાતેની આઈએનઆઈએફડી સંસ્થા ખાતે 'થીમ ડેઝ' ઉજવાઈ રહ્યા છે. આ અંતર્ગત ટ્રેડિશનલ ડે ઉજવાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ પરંપરાગત વસ્ત્રો ધારણ કરી ગરબા કર્યા હતા.

## દિવ્યાંગ બાળકોને વ્યસન મુકિતના પાઠ ભણાવાયા

ગાંધીનગર, તા.૧૨

આજે ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુર્નવસન કેન્દ્ર ખાતે ગાયત્રી સદવિચાર પરિવાર દ્વારા વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ દિવ્યાંગ બાળકોને વ્યસનના દૂષણ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા તથા જીવનમાં હંમેશા વ્યસનથી દૂર રહેવા પ્રેરિત કરાયા હતા.

આ કાર્યક્રમમાં ગાયત્રી પરિવારના કાર્યકર્તા દિનેશભાઈ ઠક્કરે બાળકોને વ્યસનથી દૂર રહી જીવનમાં સારી આદતો જેવી કે વહેલા ઉઠવું, સ્વચ્છ રહેવું, નિરોગી રહેવું વગેરે કેળવવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે બાળકોને જીવન શણગારવા મહેનત કરવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા સામાજીક અગ્રણી તથા એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા, યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા, નટુભાઈ પટેલ, સદવિચાર પરિવાર ટ્રસ્ટના ડાયરેકટર એ.પી. ત્રિવેદી અને ભરતભાઈ ઉપરાંત સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રદિપસિંહ વાઘેલાએ બાળકોને જીવનમાં સ્વચ્છતા અપનાવવા અને શારિરીક સ્વચ્છતાથી સ્વાસ્થ્યને થતા ફાયદા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રદિપસિંહ વાઘેલાએ ધો-૮ના વિદ્યાર્થી કેતન ડોડિયાને પુસ્તક ભેટમાં આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેકટર એ.પી. ત્રિવેદીએ બાળકોને સમાજ સુરક્ષિત થાય અને સમાજમાં આનંદ ફેલાય તે સાથે લોકકલ્યાણમાં ભાગીદારી થઈ શકે તેવા કાર્યો હંમેશા જીવનમાં કરવા જોઈએ તેવી શીખ આપી હતી. કાર્યક્રમના અંતે તેમણે તમામ મહેમાનો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

## આજે ગાંધીનગર શહેર કોંગ્રેસની કારોબારી બેઠક યોજાશે

ગાંધીનગર શહેર કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક તા. ૧૩-૧૦-૨૦૧૬ને ગુરુવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે સે-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહના અધ્યક્ષસ્થાને યોજાશે. આ બેઠકમાં આગામી ૨૦૧૭ વિધાનસભાની ચુંટણીઓને ધ્યાને રાખી વિઝન-૨૦૧૭ પક્ષનું સંગઠન મજબૂત બને તે દિશામાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય સેકટર-૨૨ ખાતે તા. ૧૩ ઓકટોબર ૨૦૧૬ને ગુરુવારના રોજ બપોરે ૨ કલાકે શહેર કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક યોજાશે. જેમાં કાશ્મીરમાં શહીદ થેયલ જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવશે તેમજ આગામી દિપાવલી તથા નૂતનવર્ષના કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. મહાનગરપાલિકા મારફતે વિકાસના કામોની સમીક્ષા, વિપક્ષના નેતાની થયેલ વરણીને આવકારીને અભિનંદન પાઠવવામાં આવશે. તદઉપરાંત આગામી આવનાર ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચુંટણીને અનુલક્ષી પક્ષનું સંગઠન મજબુત બને તે દિશામાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં શહેરમાંથી પ્રદેશના હોદ્દેદારો, શહેર નિરિક્ષકો, શહેર કોંગ્રેસના તમામ હોદ્દેદારો, આગેવાનો, કાર્યકરો, કોર્પોરેટરો, યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એનએસયુઆઈ તેમજ વિવિધ સેલના ચેરમેનને હાજર રહેવા કે.પી.ગોહીલ મહામંત્રીએ અનુરોધ કર્યો છે.

### વાતવાતમાં

● મંગળવારે વિજયાદશમી અને બુધવારે મહોરમની એમ સળંગ બે સરકારી રજાઓના કારણે બુધવારે બેંકો પણ બંધ જ હશે તેવું ગ્રાહકોએ અનુમાન બાંધી લીધું હતું. આ અનુમાનના કારણે ઘણા ગ્રાહકોએ એમના જરૂરી નાણાંકીય વ્યવહારો ટાળ્યા હતા પરંતુ બેંકો ચાલુ છે તેવી મોડેથી ખબર પડતા ઘણા ગ્રાહકો છેલ્લી ઘડીએ બેંકોની શાખાઓમાં ધસી ગયા હતા.

● હાલ અમદાવાદ ખાતે કબડ્ડી વિશ્વકપ રમાઈ રહ્યો છે. આ વિશ્વ કપ રમવા આવેલ કબડ્ડીની ઈંગ્લેન્ડની ટીમના સભ્યોએ ગાંધીનગરમાં સ્વર્ણિમ પાર્ક અને વિધાનસભા સંકુલની મુલાકાત લીધી હતી.

● દશેરા નિમિત્તે સે-૧૧માં યોજાયેલ મનહર ઉધાસના ગુજરાતી ગઝલના કાર્યક્રમમાં મનહર ઉધાસે કૈલાસ પંડિત લિખિત 'હાલરડું' ગાતા પહેલા કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત તમામ બાળકોને સ્ટેજ પર બોલાવ્યા હતા. આ બાળકોની સાથે ઉભા રહી હાલરડું ગાતા મનહર ઉધાસનો ફોટો-વિડીયો મોબાઈલમાં કંડારવા વાલીઓએ પડાપડી કરી હતી.

● ગાંધીનગર સમાચારના જાણીતા કોલમિસ્ટ સંજય થોરાતની કોલમ 'હેલ્લો ફ્રેન્ડસ'ના લેખનો સંકલિત ગ્રંથ તા. ૧૬મી ઓકટોબર રવિવારે પ્રસિધ્ધ થઈ રહ્યો છે. આ ગ્રંથનું ગુજરાતના જાણીતા કટારલેખક ભવેન કચ્છીના હસ્તે વિમોચન કરવામાં આવશે.

# ભારત સૌથી વધુ આક્રમણો સામે ટકેલી પ્રાચીનતમ અજાયબી

### વિજયાદશમીએ પેથાપુર ખાતે યોજાયેલ આરએસએસના સ્થાપના દિનની ઉજવણીમાં પ્રાંત પ્રચારક ડૉ. ચિંતન ઉપાધ્યાયનું વકતવ્ય : સંઘના સ્વયંસેવકોએ નવા ગણવેશથી પરેડ કરી






ગાંધીનગર, તા.૧૨

પેથાપુર ખાતે વિજયાદશમીના પર્વે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનો સ્થાપના દિન ઉજવાયો હતો. આ પ્રસંગે પહેલીવાર સઘના કાર્યકર્તાઓએ નવો ગણવેશ પરિધાન કરી પથ સંચાલન પરેડ કરી હતી. આ પ્રસંગે પથાપુર વેપારી એસોસિએશનના પ્રમુખ અસરસિંહ વાઘેલાએ સંઘને ઉંચ નીચ કે ધર્મના ભેદભાવ મુકત સંગઠન ગણાવી આપત્તિ સમયની સંઘની કામગીરીને બિરદાવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત આરએસએસના ગુજરાતના પ્રાંત પ્રચારક ડૉ. ચિંતન ઉપાધ્યાયે મુખ્ય વકતા પદેથી ઉદબોધન કરતા જણાવ્યું હતું કે વિશ્વમાં સૌથી વધુ આક્રમણો સહન કરી ટકી રહેવા બદલ ભારતવર્ષને વિશ્વની પ્રથમ પ્રાચીનતમ અજાયબી ગણવી જોઈએ. તેમના મત મુજબ સતત આક્રમણોથી હિંદુ સંસ્કૃતિને લૂણો લાગવાથી તેમાં દેશભકિતનો અભાવ, આત્મગૌરવ શૂન્ય, સમાજ તથા સંગઠનનો અભાવ જેવી ખામીઓ પેદા થઈ છે તે દૂર કરી હિંદુત્વનો વિજયકાર કરવાનું કપરું કાર્ય સંઘે ઉપાડયું છે. આ સાથે તેમણે ઉપસ્થિત સ્વયંસેવકોને સમર્પણ ભાવથી સંઘ કાર્ય કરી આપણા સ્વપ્નનું ભારત બનાવવા હાકલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે દશેરાના દિવસે સ્થાપના દિનથી રાષ્ટ્રીય સ્વયંસવક સંઘે હાફપેન્ટ ફગાવી ફુલપેન્ટ સાથેનો નવો ગણવેશ પરિધાન કર્યો હતો.

# નવ વર્ષથી વોન્ટેડ ચોરીનો આરોપી આખરે ઝડપાયો

### લવારપુર એ.ડી.સી બેંકમાં થયેલી ચોરીમાં પણ આ શખ્સની સંડોવણી હતી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જીલ્લાનાં ડભોડા પોલીસ મથકની એક ટીમે છેલ્લા નવ વર્ષથી નાસતા ફરતા રીઢા ચોરને રણાસણ સર્કલ નજીકથી ચોક્કસ બાતમીને આધારે પકડી પાડ્યો છે. આ શખ્સ જામનગરનાં પંચબી પોલીસ સ્ટેશનના આઇપીસી કલમ ૪૫૪, ૪૫૭ અને ૩૮૦ મુજબનાં ગુનામાં વર્ષ-૨૦૦૭થી નાસતો ફરતો હતો. ગાંધીનગરનાં રતનપુર ગામના આ શખ્સની લવારપુરની એડીસી બેંકમાં થયેલી ચોરીમાં પણ સંડોવણી હતી. ડભોડા પોલીસે તેની ધરપકડ કરી કાર્યવાહી શરુ કરી છે.

**ગાંધીનગરનાં રતનપુર ગામના આ શખ્સની લવારપુરની એડીસી બેંકમાં થયેલી ચોરીમાં પણ સંડોવણી હતી**

ગાંધીનગર જીલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી પોલીસ નાસતા ફરતા આરોપીઓને પકડવા સક્રિય છે. નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવીને જીલ્લાની પોલીસે તેનો અભ્યાસ કરી તેમને પકડી પાડવા બાતમીદારો દોડતા કર્યા છે. ડભોડા પોલીસમથકનાં પીએસઆઇ એન.એમ.ચૌધરી તથા તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ગાંધીનગરનાં રણાસણ સર્કલ નજીક એક શખ્સ વાહનની રાહ જોઇને ઉભો છે. તે જામનગરનાં પંચબી પોલીસ સ્ટેશનના ગુનાઓમાં છેલ્લા નવ વર્ષથી વોન્ટેડ છે. આ બાતમીને આધારે રણાસણ ચોકડી પહોંચી જઇને આરોપીને દબોચી લીધો હતો. ગાંધીનગરનાં રતનપુર ગામમાં રહેતા શૈલેષ ઉર્ફે ટીનો પુજા ઠાકોરની ધરપકડ કરી લેવામાં આવી હતી. ટીનો લવારપુર એ.ડી.સી બેંકમાં થયેલી ચોરીનાં ગુનામાં પણ સંડોવાયેલો હતો. રીઢા ચોર ટીનાની સઘન પુછપરછમાં અન્ય કેટલાક ચોરીના ગુનાનાં ભેદ ઉકેલાય તેવી પણ શક્યતા છે. ડભોડા પોલીસે આરોપીને વધુ તપાસ અર્થે જામનગર પંચબી પોલીસને સોંપ્યો છે.

## ખાખરીયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ દ્વારા ૨૨મો સમુહ લગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં વસવાટ કરતા ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજના લગ્ન ઈચ્છુક યુવક યુવતિઓ માટે ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજ દ્વારા આગામી તા. ૧૧-૧૨-૨૦૧૬ને રવિવારના રોજ ૨૨મા લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહલગ્ન સમાજના ભવન ખાતે યોજાનાર છે. સમુહ લગ્નોત્સવમાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતિઓએ આગામી તા. ૫-૧૧-૨૦૧૬ સુધીમાં નિયત નમૂનામાં ફોર્મ ભરી સમુહ લગ્ન સમિતિ કાર્યાલય ખાતે પહોંચાડવાના રહેશે. તદ ઉપરાંત સમાજના પરિચય ગ્રંથની પુરવણી નકલ બની રહી છે તો સમાજના જે ભાઈ-બહેનો માહિતી આપવામાં રહી ગયા હોય તો તેઓએ ઝડપથી માહિતી મોકલી આપવા સમાજના મહામંત્રીએ અનુરોધ કર્યો છે.






નવરાત્રીના સમાપન બાદ શહેરમાં વિજયાદશમીનું પર્વ હર્ષોલ્લાસથી ઉજવાયું હતું. દશેરાના પર્વ નિમિત્તે સેકટર-૧૧ના રામકથા મેદાન ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે સુપ્રસિધ્ધ ગાયક મનહર ઉધાસનો લાઈવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નગરજનોને મનહર ઉધાસે ગુજરાતી ગઝલો તથા તેમણે ગાયેલા હિન્દી ફિલ્મી ગીતોનો રસાસ્વાદ કરાવ્યો હતો.

### અવસાન નોંધ

ઔદિચ્ય ગુજરાતી સાડા ચારસો બ્રાહ્મણ સમાજના સ્વ. શોભાબેન રાજેશકુમાર ભટ્ટ તા. ૧૦-૧૦-૨૦૧૬ના રોજ અક્ષરનિવાસી થયા છે. જે વિપુલભાઈ અને જિજ્ઞેશભાઈ ભટ્ટ (રાજકોટ) તથા ચાર્મીબેન દેવલકુમાર ઓઝા (અમદાવાદ)ના માતૃશ્રી તેમજ છેલભાઈ જોષી કોડીનાર (સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના ટ્રસ્ટી)ના ભાણેજ વહુનું બેસણું તા. ૧૩-૧૦-૨૦૧૬ ગુરુવારના રોજ ગાંધીનગર ૨૯, શ્રી ઉમિયા બંગલો, કુડાસણ ખાતે સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. મૌલિક સુભાષચંદ્ર જોશી, ઉ.વ. ૩૪
- સ્વ. પટેલ મફતભાઈ વિઠ્ઠલદાસ, ઉ.વ. ૬૩
- સ્વ. ભૂરાભાઈ ચેહોરભાઈ રબારી, ઉ.વ. ૭૦
- સ્વ. કુમાર ગુણવંતરાય ભટ્ટ, ઉ.વ. ૫૬
- સ્વ. મયુર મનુભાઈ અમીન, ઉ.વ. ૩૫
- સ્વ. અમથીબેન લક્ષ્મણભાઈ બારોટ, ઉ.વ. ૬૬